# મન, વચન અને કર્મથી કોઈને કષ્ટ ન આપીએ એ જ સાચી અહિંસા છે : શ્રી આચાર્ય દેવવ્રતજી

## આચાર્ય શ્રી મહાશ્રમણજીની ઉપસ્થિતીમાં પ્રેક્ષા વિશ્વ ભારતી, કોબા ખાતે તેરાપંથ પ્રોફેશનલ ફોરમના ગ્લોબલ કનેક્ટ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું વક્તવ્ય





કમલમ્ ન્યુઝ,

તેરાપંથ ધર્મસંઘના ૧૧ મા આચાર્ય શ્રી મહાશ્રમણજીની ઉપસ્થિતિમાં અમદાવાદ નજીક પ્રેક્ષા વિશ્વ ભારતી ખાતે તેરાપંથ પ્રોફેશનલ ફોરમ દ્વારા આયોજિત ગ્લોબલ કનેકટ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ધર્મ કરો, દીન-દુખિયાની સેવા કરો, વ્યસન મુક્તિ માટે પ્રયત્ન કરો, પરોપકાર માટે જીવન જીવો. કોઈને મન, વચન અને કર્મથી કષ્ટ ન આપીએ એ જ સાચી અહિંસા છે. તેરાપંથ પ્રોફેશનલ ફોરમ દ્વારા આયોજિત ગ્લોબલ કનેકટ કાર્યક્રમમાં ૩૮ શાખાના ૨૬૦ સભ્યો ભાગ લઈ રહ્યા છે. ૧૫ દેશોના પ્રતિનિધિઓ ઓનલાઈન જોડાયા છે. જીવનનું લક્ષ શું હોવું જોઈએ? એ વિશે બોલતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આ જગતમાં જડ કે ચેતન એકપણ વસ્તુ એવી નથી જે અન્યના ઉપયોગ માટે ન હોય. દરેક અન્યના ઉદ્દેશ્ય માટે છે. આપણું શરીર પણ અન્યના ઉપયોગમાં આવવું જોઈએ. ઈટ, ડ્રિન્ક એન્ડ બી મેરી-ખાવ, પીઓ અને જલસા કરો... એ જ જીવનનો ઉદ્દેશ નથી. કામ અને ધર્મ કરતાં કરતાં અર્થની પ્રાપ્તિ કરવી અને અંતે મોક્ષ પ્રાપ્ત કરવો એ જ જીવનનું અંતિમ લક્ષ્ય છે. પ્રેય માર્ગની સાથો સાથ શ્રેય માર્ગે ચાલતાં ચાલતાં પ્રગતિ કરવી જોઈએ. જળમાં કમળપર્ણ જેટલા નિર્લિપ્ત રહે છે એટલી નિર્લિપ્તતાથી જીવન જીવો. પકડી રાખશો તો પ્રગતિ નથી, ગતિ માટે છોડતા રહેવું પણ એટલું જ જરૂરી છે. આ પ્રકૃતિ પણ ભોગ માટે છે પણ તેને ત્યાગીને ભોગવવાની આપણી સંસ્કૃતિ છે.

દુઃખ થી બચવું હોય તો મોક્ષ જ એક માર્ગ છે, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, જે સ્થિતિ આપણને અનુકૂળ છે તે આપણા માટે સુખ છે અને જે આપણી ઈચ્છાથી વિપરીત છે એ દુઃખ છે. ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, રાત્રે સૂતી વખતે ઘરની સ્ટૉપર આપણે અંદરથી બંધ કરીએ છીએ તો સુખ, સંતોષ અને સુરક્ષા અનુભવીએ છીએ. જ્યારે રાત્રે કોઈ વ્યક્તિ બહારથી સ્ટૉપર બંધ કરી દે તો આપણે ચિંતા અને દુઃખ અનુભવીએ છીએ. એવી જ રીતે આપણે કોઈ સદકાર્યમાં સ્વેચ્છાએ દાન આપીએ તો આપણને સુખની અનુભૂતિ થાય છે. પણ કોઈ ખિસ્સાકાતરુ આપણી જાણ બહાર એ નાણાં આપણા ખિસ્સામાંથી કાઢી જાય તો આપણે દુઃખ અનુભવીએ છીએ. પૈસા તો બંને પરિસ્થિતિમાં જાય જ છે છતાં. જીવનમાં દુઃખ જ ન હોય એવી સ્થિતિ સંભવ નથી, પરંતુ જીવનની નિઃસારતાને જાણીને ત્યાગપૂર્ણ સજાગતા સાથે પ્રકૃતિને અનુકૂળ

### આચાર્ય શ્રી મહાશ્રમણજીની ૩ દેશો, ૨૩ રાજ્યોમાં ૨૦,૦૦૦ કિ.મી.ની અહિંસાયાત્રા-પદયાત્રા આગામી એક વર્ષ સુધી અણુવ્રત યાત્રા કહેવાશે


થઈને જીવન જીવીશું તો સુખની અનુભૂતિ થશે. આચાર્ય શ્રી મહાશ્રમણજીના સાંન્નિધ્યને પરમ સુખદાયી ગણાવીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, તેઓ માનવતાના કલ્યાણ માટે અહિંસાને જીવનનો માર્ગ બનાવીને પરોપકારની ભાવના સાથે હજારો કિલોમીટરની પદયાત્રા કરીને દુનિયાને જીવન જીવવાનો માર્ગ દાખવી રહ્યા છે. આચાર્ય શ્રી મહાશ્રમણજીએ કહ્યું હતું કે, દુઃખમુકિત એ જીવનનું લક્ષ હોવું જોઈએ. માનવ સહિત તમામ પ્રાણીઓને દુઃખનો જ ડર છે. દરેક વ્યક્તિ દુઃખથી દૂર રહેવા માંગે છે. ભૌતિક માર્ગે સગવડો મેળવીને થોડા સમય માટે દુઃખમુકિત અનુભવી શકાય છે, પરંતુ શાશ્વત દુઃખમુક્તિ આધ્યાત્મિક માર્ગે જ સંભવ છે.

ભૌતિક વિકાસ અને આર્થિક વિકાસની સાથો સાથ નૈતિકતાનો વિકાસ અને આધ્યાત્મિક વિકાસ એટલા જ જરૂરી છે. સદભાવના અને નશામુક્તિથી દુઃખમુક્તિ થાય છે. પ્રમાણિકતા, નૈતિકતા અને પારદર્શિતાથી દુઃખમુક્તિ થાય છે. અહિંસાથી સુખ-શાંતિ રહે છે. દયા કરુણાની ભાવના સાથે અન્યને કષ્ટ ન આપો. સૃષ્ટિના તમામ જીવો સાથે મૈત્રીની ભાવના કેળવશો તો દુઃખમુક્તિની દિશામાં આગળ વધી શકશો. કામ અને ક્રોધ માણસને અપરાધ તરફ ધકેલે છે. કામ, ક્રોધ, રાગ અને દ્વેષથી મુક્ત થશો તો દુઃખમુક્તિ સંભવ છે. સાધ્વીપ્રમુખા શ્રી વિશ્રૃત વિભાજી સાધ્વીજીએ કહ્યું હતું કે, પર્યાવરણ અને પ્રકૃતિ પ્રતિ સંવેદનશીલતા એ અહિંસાની દિશા છે. માણસ પ્રકૃતિનો હિસ્સો છે, તેનો માલિક નથી. અહિંસા માટે સતત ચિંતન કરતા રહો, જીવન સુંદર અને ઉદ્દેશપૂર્ણ હશે તો જ સાર્થક થશે અને તો જ ગતિ-પ્રગતિ થશે. તેરાપંથ ધર્મસંઘના આચાર્ય શ્રી મહાશ્રમણજીએ સદભાવના, નૈતિકતા અને નશામુક્તિ માટે વર્ષ ૨૦૨૧૪ ના નવેમ્બર મહિનાથી નવી દિલ્હીથી અહિંસાયાત્રા-પદયાત્રા શરૂ કરીછે. તેમણે અત્યાર સુધીમાં ૩ દેશો, ૨૩ રાજ્યોમાં ૨૦,૦૦૦ કિ.મી. ની અહિંસાયાત્રા કરી છે. આગામી એક વર્ષ સુધી તેમની પદયાત્રા હવે અણુવ્રત યાત્રા કહેવાશે. આચાર્ય મહાશ્રમણજીએ અત્યાર સુધીમાં ૫૫ હજાર કિલોમીટરની પદયાત્રા કરી છે.

# લોકનૃત્ય અને લોકસંગીતના મહાઉત્સવ એવા વસંતોત્સવ- ૨૦૨૩નો ગાંધીનગર ખાતે શાનદાર શુભારંભ

## રાજ્યના સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઇ બેરા, ગાંધીનગરના મેયર અને મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ





કમલમ્ ન્યુઝ,

ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે રાજયના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને ગાંધીનગરના પ્રથમ નાગરિક એવા મેયર શ્રી હિતેશભાઈ મકવાણાએ વસંતોત્સવ ૨૦૨૩ નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગરની સાબરમતી નદીના સાંનિધ્યમાં આવેલા સંસ્કૃતિ કુંજના મંચ પર રાજયના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત એક ભારત, શ્રેષ્ઠ ભારતની થીમ સાથે આ વસંતોત્સવની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો શુભારંભ ગણેશવંદના સાથે કરવામાં આવ્યો હતો. રાજકોટના જીજ્ઞેશ સુરાની ગ્રુપ દ્વારા તેની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અવસરે ઓરિસ્સાના લોકનૃત્ય-સાંબલપુરી નૃત્ય, પંજાબના ભાંગડા, રાજસ્થાનનું કાલબેલિયા, છત્તીસગઢનું સેલા નૃત્ય, હરિયાણાનું લોક નૃત્ય, ગુજરાતના ડાંગી નૃત્ય અને રાસ-ગરબા ઉપરાંત ગુજરાતની પરંપરાગત ભવાઈ અને કૈરવા નૃત્યની પ્રસ્તુતિએ કલારસિકોનાં દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે ગુજરાતના પ્રસિદ્ધ લોક કલાકાર શ્રી ઓસામણ મિરે વસંતના વધામણા કરી લોક સાહિત્ય દ્વારા ઉપસ્થિત કલા રસિકોને અભિભૂત કર્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્યો સર્વે શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, શ્રી અભેસિંહ તડવી, શ્રીમતી રીટાબેન પટેલ, અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# વિચરતા અને વિમુકત જાતિઓના કલ્યાણ અર્થે કામ કરતી VSSM સંસ્થાનું નવું સરનામું 'સંજીવ સદન'નું ભૂમિપૂજન કરાયું

### વિચરતા અને વિમુક્ત સમુદાયોના લોકોને સ્વનિર્ભર બનાવવા અને સ્વરોજગાર પૂરો પાડવા સરકાર હંમેશાં કટિબદ્ધ છે: મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા

કમલમ્ ન્યુઝ,

વિચરતા અને વિમુકત સમુદાયો માટે વર્ષોથી કામ કરતી VSSM સંસ્થાનું નવું સરનામું 'સંજીવ સદન' ભવનનું ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રસંગે સહકાર અને ગ્રામોદ્યોગ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સહકાર અને ગ્રામોદ્યોગમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વર્ષોથી જે સપનાની ઝંખના હતી એ સંજીવ સદનનું ખાતર્મુહૂત થવા જઈ રહ્યું છે તે વાતનો અનેરો આનંદ છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સંજીવ એટલે પ્રેમ, સપના સાકાર કરવાની તમન્ના એટલે સંજીવ. 'સંજીવ સદન' ભવનની જમીન માટે હકારાત્મક પ્રયાસો કરવા બદલ આપણા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલનો ખૂબ આભાર માનું છું. વધુમાં તેમણે કહ્યું હતું કે, છેવાડાના માનવીની વેદના હંમેશાં આ સરકારે સમજી છે અને તે દિશામાં પ્રયત્નો કર્યા છે. શ્રી જગદીશભાઈ ભગવાનદાસ પંચાલનો આભાર માનતા કહ્યું કે,

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન રહ્યું છે કે, છેવાડાના લોકોને પોતાનું ઘર પોતાની ઓળખાણ મળે : શ્રીમતી ભાનુબહેન બાબરીયા

તેઓ હંમેશાં આ સમુદાયના લોકોના કામ માટે તત્પર રહેતા અને સરકારમાં પણ રજૂઆતો કરતા. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કહ્યું કે, વિચરતા અને વિમુક્ત સમુદાયોના લોકોને સ્વનિર્ભર બનાવવા અને સ્વરોજગાર પૂરો પાડવા સરકાર હંમેશાં કટિબદ્ધ છે. આ પ્રસંગે મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, હું આજે ગૌરવ અનુભવું છું કે, રાજ્ય સરકારનો જે વિભાગ આ સમુદાય માટે કામ કરી રહ્યો છે તે વિભાગનું સુકાન મારા હાથમાં છે.

મારો બાળપણથી એવો પ્રયાસ રહ્યો છે કે, હું વિચરતા સમુદાય માટે કંઈક કરી શકું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આવા ભગીરથ કાર્ય બદલ આ સંસ્થાને રાજ્ય સરકાર વતી અભિનંદન આપું છું. કૃષ્ણકાંતભાઈ મહેતા વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, જેવી રીતે રામાયણમાં હનુમાનજી સંજીવની બુટ્ટી શોધવા ગયા અને આખો પહાડ શોધી લાવ્યા એવી રીતે કૃષ્ણકાંતભાઈ પણ વિચરતા વિમુક્ત સમુદાય માટે પહાડ શોધી લાવ્યા છે. વધુમાં શ્રી ભાનુબહેને ઉમેરતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન રહ્યું છે કે, છેવાડાના લોકોને પોતાનુ ઘર પોતાની ઓળખાણ મળી રહે અને તે દિશામાં તેમણે કામ કર્યું છે. અંતમાં તેમણે કહ્યું કે, આ સંસ્થા અને આ સમુદાય માટે મારાથી બનતા તમામ પ્રકારના સહયોગની ખાતરી આપું છું. સંજીવ સદનના ખાતમુહૂર્તમાં સમગ્ર ગુજરાતભરમાંથી આવેલા વિચરતા અને વિમુક્ત જાતિઓના મહેમાનો પોતાના ઘરના આંગણામાંથી મુઠ્ઠીભર ધૂળ તથા ઈંટનો ટુકડો લઈ આવ્યા હતા અને સંજીવ સદનના પાયામાં પવિત્ર ભાવના સાથે ભેળવ્યું હતું. આ પ્રસંગે VSSM સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી મિત્તલ પટેલે રાજ્ય સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે, આ સમુદાય સાથે વર્ષોથી કામ કરતી VSSM સંસ્થા પાસે પોતાનું કાયમી સરનામું નહોતું. ત્યારે VSSM એ રાજ્ય સરકારને સંસ્થાને પોતાનું કાયમી સરનામું આપવા એટલે કે જમીન આપવા રજૂઆત કરી જેથી કરીને સંસ્થાના



કાર્યોનો વ્યાપ વધે અને ગુજરાતભરમાંથી સમુદાયના લોકો પોતાના પ્રશ્નો લઈ નિસંકોચ આવી શકે. અને સરકારે અમારી લાગણી તુરંત સ્વીકારી ૫૦% કિંમતે જમીન ફાળવી. આ ઉપરાંત તેમણે દુબઈમાં રહેતા શ્રી કૃષ્ણકાંત મહેતા તથા શ્રીમતી ડો. ઈન્દિરાબહેન મહેતાનો પણ આર્થિક મદદ માટે આભાર માન્યો હતો. તથા ભગવાનદાસ પંચાલનો પણ વિશેષ આભાર માન્યો હતો. વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) વર્ષોથી ગુજરાતમાં વિચરતી અને વિમુક્ત જાતિઓના કલ્યાણાર્થે કાર્યરત છે. જેમની પાસે પોતાના સરનામાં નહોતા, તેમને આ સંસ્થાના પ્રયત્નો અને રાજ્ય સરકારના સહયોગથી હવે રહેણાંક અર્થે પ્લોટ મળવા મંડ્યા અને તેમના કાયમી સરનામાં થવા માંડ્યા. એટલું જ નહીં સરકાર અને સમાજના અતુલ્ય સહયોગથી આ પરિવારોના સરનામે પાક્કા ઘરો પણ બંધાવા માંડ્યા.



કમલમ્ ન્યુઝ,

કૈવલ દિવ્યાંગ ટ્રેનિંગ સ્કૂલના વાર્ષિકોત્સવમાં આજે હાજર રહેવા તથા દિવ્યાંગ બાળકોને મળવાનું મોકો મળ્યો. આ સંસ્થા દિવ્યાંગોને પોતાનું જીવન સ્વનિર્ભર કેવી રીતેના જીવી શકાય તેના માટેનું ખૂબ આદર્શ શિક્ષણ આપતી સંસ્થા છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન. આ પ્રસંગે આણંદ વિધાનસભાના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, પૂર્વ સાંસદ શ્રી લાલસિંહભાઈ વડોદીયાજી, પૂર્વ ધારાસભ્ય શ્રી જશુભા, મિલ્સંટ કંપનીના ચેરમેન શ્રી જયશ્રીબેન, એમ.ડી બારડ સાહેબ, ચરોતર ગેસના એમ.ડી શ્રી પ્રજાપતિ સાહેબ, જિલ્લા પંચાયત સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન શ્રી પ્રદીપભાઈ પટેલ, પણ હાજર રહ્યા હતા. સંસ્થાના આચાર્ય અને સ્થાપક શ્રી વર્ષાબેનને આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન.

# ફિલ્મ હેરિટેજ મિશન ભારતીય સિનેમાના વારસાને નવું જીવતદાન આપી રહ્યું છે - અનુરાગ સિંહ ઠાકુર





કેન્દ્રીય માહિતી અને પ્રસારણ અને યુવા બાબતો અને રમતગમત મંત્રી, શ્રી અનુરાગ સિંહ ઠાકુરે તેમની પુણે મુલાકાત દરમિયાન ૧૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ NFDC-નેશનલ ફિલ્મ આર્કાઈવ ઓફ ઈન્ડિયા (NFAI) ની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રીય ફિલ્મ હેરિટેજ મિશન હેઠળ થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. શ્રી અનુરાગ સિંહ ઠાકુરે જણાવ્યું હતું કે NFHM ભારતીય સિનેમાના વારસાને એક નવું જીવતદાન આપી રહ્યું છે, જ્યાં ઘણી ફિલ્મો જે અગાઉ બિલકુલ સુલભ ન હતી, તે વિશ્વભરના દર્શકો માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ ગુણવત્તામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે, સાથે સાથે આગામી ૧૦૦ વર્ષ અને તેથી વધુ માટે ભારતીય સિનેમાને લાંબા ગાળાની જાળવણીની ખાતરી પણ કરશે.નેશનલ ફિલ્મ હેરિટેજ મિશન (NFHM) NFDC-નેશનલ ફિલ્મ આર્કાઈવ ઑફ ઈન્ડિયા (NFAI), પુણે ખાતે સંપૂર્ણ સ્ટીમ સાથે આગળ વધી રહ્યું છે. NFHMના ભાગ રૂપે, NFDC-NFAI ખાતે ૩ મોટા પ્રોજેક્ટ્સ ચાલુ છેઃ ફિલ્મોનું ડિજિટાઈઝેશન, ફિલ્મ રીલ્સનુ સંરક્ષણ અને ફિલ્મોનું પુનઃસ્થાપન. આ તમામ પ્રોજેક્ટ્સ ફિલ્મ જાળવણીના ક્ષેત્રમાં પ્રકૃતિમાં પ્રચંડ છે અને વૈશ્વિક સ્તરે ક્યારેય આ સ્કેલ પર પ્રયાસ કરવામાં આવ્યો નથી. આજ સુધીમાં, ૧૨૯૩ ફીચર્સ અને ૧૦૬૨ શોર્ટ્સ અને ડોક્યુમેન્ટ્રીને 4K અને 2K રિઝોલ્યુશનમાં ડિજિટાઈઝ કરવામાં આવી છે. વધારાની ૨૫૦૦ વિશેષતાઓ અને શોર્ટ્સ અને ડોક્યુમેન્ટ્રી ડિજિટલ થવા માટે પાઈપલાઈનમાં છે. દરમિયાન, ૧૪૩૩ સેલ્યુલોઈડ રીલ્સ પર સંરક્ષણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. ફિલ્મ સંરક્ષણમાં વિશ્વની અગ્રણી નિષ્ણાત, આંતરરાષ્ટ્રીય એજન્સી, લ'ઈમેજિન રિટ્રોવાટાના સહયોગથી, અત્યંત કાળજી સાથે આ ખૂબ જ મહેનતથી કરવામાં આવ્યું છે. શ્રી અનુરાગ સિંહ ઠાકુરે NFDC-NFAI ના પરિસરમાં નવી સ્થાપિત ફિલ્મ સંરક્ષણ પ્રયોગશાળાની મુલાકાત લીધી જ્યાં સેલ્યુલોઇડ રીલ્સ પર સંરક્ષણ કાર્ય થઈ રહ્યું છે. આવનારા મહિનાઓમાં સેંકડો વધુ ફિલ્મો સાચવવામાં આવશે, અને કેટલાક કિસ્સાઓમાં, આ રીલ્સ અમુક દુર્લભ ભારતીય ફિલ્મોની એકમાત્ર હયાત નકલો હોઈ શકે છે. NFDC-NFAI એ તાજેતરમાં પુનઃસ્થાપન પ્રોજેક્ટ પણ શરૂ કર્યો છે, કારણ કે ૨૧ ફિલ્મો ડિજિટલ રિસ્ટોરેશન હેઠળ છે. આગામી ૩ વર્ષમાં, અસંખ્ય સુવિધાઓ, ટૂંકી ફિલ્મો અને દસ્તાવેજી, ડિજિટલી પુનઃસ્થાપિત કરવામાં આવશે.

જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

"કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028